જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૦/૦૫/૨૦૨૬ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૭૦૭/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૦ કેસ કરી, ૩૬ વ્યક્તિઓને ઝડપી, ૩૮૬ લીટર દેશી દારૂ, ૧૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૧૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૩૦ બીયર ટીન, ૦૧ રીક્ષા અને ૦૧ ઈક્કો ગાડી કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૫ કેસ કરી ૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૦,૬૩૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૭૦૮/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૯૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૭૦૯/૨૦૨૬**

સાયબર ક્રાઈમઃ નરેશભાઇ દેવાનંદ સબનાની (ઉ.વ.૩૫)(રહે.પટેલ સોસાયટી, ઇંદ્રીરાબ્રીજ પાસે, હાંસોલ) એ તા.૧૯/૦૫/૨૦૨૬ ના રોજ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૪/૦૫/૨૦૨૬ થી તા.૦૮/૦૫/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન અજાણ્યા મોબાઈલ નંબર 9327011266 ના ધારકે નરેશભાઇ સબનાનીને વોટ્સસેપ મેસેજમાં "NOTICE, Sabarmati Gas Limited, DEAR, Consumer your Sabarmati gas connection will be disconnected tonight 09:30 Pm Because your previous month Bill was not Updated please immediately call our bill update Officer Mr Tinku Kumar Modi 9229863617, Thanks you..." એવો મેસેજ કર્યો હતો. ત્યારબાદ અજાણ્યા મોબાઈલ નંબર 9229863617 ના ધારકે સાબરમતી ગેસ લીમીટેડ તરફથી વાત કરતા હોવાનુ જણાવી "અમે તમારૂ ગેસનુ કનેશન કાપી નાખીએ છીએ. જો તમે સેવા ચાલુ રાખવા માંગતા હોય તો હું તમને ફાઈલ મોકલી આપુ છું જેમાં એપ્લીકેશન ડાઉનલોડ કરી નાખો તમારી જુની એપ્લીકેશન અપડેટેડ નથી જેથી અમે તમારી માહીતી જોઈ શકતા નથી જેથી તમે આ નવી એપ્લીકેશન ડાઉનલોડ કરી લો જેનાથી વિગત અપડેટ થશે" તેમ જણાવી તેણે "Sabaramati Gas Bill Update.Apk નામની ફાઈલ નરેશભાઇ સબનાનીને સેન્ડ કરી આ A.P.K ફાઈલ ડાઉનલોડ કરાવી તેમનો મોબાઈલ હેક કરી તેમની જાણ બહાર નરેશભાઇ સબનાનીના HDFC બેંકના ખાતામાંથી જુદા–જુદા ત્રણ ટ્રાન્ઝેક્શન દ્વારા કુલ રૂપિયા ૬,૬૮,૯૧૪/– મેળવી લઈ આજદીન સુધી રૂપિયા પરત નહી આપી નરેશભાઇ સબનાની સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી.એચ.મકવાણા ચલાવે છે.

એલીસબ્રીજઃ ધ્વની સ/ઓ દિપકભાઇ કામાણી (ઉ.વ.૪૩)(રહે, સર્વમંગલ સોસાયટી, નારણપુરા) એ તા.૧૯/૦૫/૨૦૨૬ ના રોજ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૨/૦૧/૨૦૨૧ થી તા.૨૯/૦૪/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન "ઇ-પ્રોક્યોરમેન્ટ ટેક્નોલોજીસ લિમીટેડ" (ઓફીસ સરનામુ: પોલ સ્ટ્રીટ-૨ ઓરીયન્ટ કલબની સામે, ગુજરાત કોલજ પાસે, એલીસબ્રીજ) ખાતે આરોપી (૧) ધરમ હરીશભાઇ રાઠોડ (રહે,નારેશ્વર ફ્લેટ,અલકાપુરી સોસાયટી ઘટલોડીયા) (૨) નિખીલ રાજેશભાઇ ખલાસ (૩) પ્રિયંકા વા/ઓ નિખીલ ખલાસ (બંને રહે.રીવરસાઇડ પાર્ક, એપીએમસી માર્કેટ વાસણા) એ ભેગામળી કંપનીની સીસ્ટમમાં એડમીન રાઇટ્સનો દુર-ઉપયોગ કરી, મુળ બીડર ખાતા ધારકોના ક્રેડીટ એકાઉન્ટની વિગતોમાં ફેરફાર કરી, મુળ બીડરના એકાઉન્ટની જગ્યાએ નિખીલ ખલાસના એસ.બી.આઈ બેન્ક એકાઉન્ટ નં.41066451011 ની તેમજ નીખીલ ખલાસના પત્ની પ્રિયંકા ખલાસના બેન્ક ઓફ બરોડાના એકાઉન્ટ નં.18250100013363 ના ખાતાની વિગતોનો ઉમેરો કરી, નિખીલ ખલાસ અને ધરમ રાઠોડ નાઓને કંપની દ્વારા આપેલ એક્ષેસ અને રાઇટ્સનો દુરઉપયોગ કરીને કંપનીના ડેટા, લોગીન આઇડી, પાસવર્ડ, બિડરની વિગતોમાં તથા બેન્કીગ વિગતોમાં ફેરફાર કરી, નીખીલ ખલાસના એસ.બી.આઈ બેંકના ખાતામાં રૂપિયા ૧૬,૦૦,૦૦૦/- અને નીખીલ ખલાસના પત્ની પ્રીયંકા ખલાસના બેંક ઓફ બરોડાના ખાતામાં રૂપિયા ૧,૪૦,૬૫,૨૧૧/- મળી કુલ રૂપિયા ૧,૫૬,૬૫,૨૧૧/- મેળવી લઇ, ધ્વની કામાણીની કંપની સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.એમ.ભુવા ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૭૧૦/૨૦૨૬**

બોડકદેવઃ નરેન્દ્રસિંહ ભુપતસિંહ ચૌહાણ (રહે. સાગર એપાર્ટમેન્ટ, સારથી હોટલ સામે વસ્ત્રાપુર) એ તા.૧૯/૦૫/૨૦૨૬ ના રોજ બોડકદેવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૧/૦૫/૨૦૨૬ થી તા.૦૬/૦૫/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન સોલા સાયન્સ સીટી શુકન મોલ પાસે સમક બંગલોઝના મકાન નંબર બી/૫૫ ખાતે રહેતા પ્રવિણભાઇ અંબાલાલ પટેલ નાઓના મકાનમા ઉપરના માળે ગેલેરીના દરવાજો તોડી, અજાણી વ્યક્તિ મકાનમા પ્રવેશ કરી, મકાનમાંથી સોનાની ચુની નંગ-૦૩ કિંમત રૂપિયા ૮,૦૦૦/-, ચાંદીના દાગીના કિંમત રૂપિયા ૧,૨૩,૦૦૦/-, કેમેરો કિંમત રૂપિયા ૨૫૦૦/- અને કાંડા ઘડીયાળ નંગ-૦૫ કિંમત રૂપિયા ૩૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૩૬,૫૦૦/- મતાની ચોરી કરી લઈ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.બી.ઝાલા ચલાવે છે.

વાડજઃ પ્રીતીબહેન વા/ઓ દેવાંગભાઈ ભટ્ટ (ઉ.વ.૫૮)(રહે.શિવકુપા, સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્ર સોસાયટી, અખબારનગર વાડજ) એ તા.૧૯/૦૫/૨૦૨૬ ના રોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૮/૧૨/૨૦૨૫ થી તા.૧૫/૦૪/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરમા ઉપરના માળે આવેલ રૂમના કબાટમાંથી સોનાના દાગીના કિંમત રૂપિયા ૨૧,૦૦,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જી.આર.આલ ચલાવે છે.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૭૧૧/૨૦૨૬**

કારંજઃ સરીતાબહેન વા/ઓ વિજયકુમાર યાદવ (ઉ.વ.૪૫)(રહે.કૃપાશ્રી એપાર્ટમેન્ટ, જયઅંબેનગર રોડ, થલતેજ) એ કારંજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૮/૦૫/૨૦૨૬ બપોરના ૨/૩૦ થી ૩/૦૦ વાગ્યા દરમ્યાન થલતેજ થી લાલ દરવાજા બસ સ્ટેન્ડ વચ્ચે રૂટ નંબર- ૫૩ ની એ.એમ.ટી.એસ બસમાં મુસાફરી દરમ્યાન કોઇ અજાણી વ્યક્તિએ પેસેન્જરની ભીડમાં સરીતાબહેનની નજર ચુકવી તેમના લેડીઝ બેગમાંથી રોકડ રૂપિયા ૮૦,૦૦૦/- ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ. શ્રી.જે.જે.રાઠોડ ચલાવે છે.

મણીનગરઃ બ્રિજેશભાઈ રસિકભાઈ ઠક્કર (ઉ.વ.૪૧)(રહે. ગોકુલધામ સોસાયટી, સ્મૃતિમંદીર સામે, ઈસનપુર)એ તા.૧૯/૦૫/૨૦૨૬ ના રોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૩/૦૫/૨૦૨૬ સાંજના ૪/૩૦ થી ૪/૪૫ વાગ્યા દરમ્યાન મણીનગર રામબાગ ચાર રસ્તા સરદાર પટેલ હોસ્પીટલની ગલીમા રોડ ઉપર પાર્ક કરેલ પોતાની કારનો ડ્રાઇવર સાઇડના દરવાજાનો કાચ તોડી, પ્લસર મોટર સાયકલ ઉપર આવેલ અજાણી વ્યક્તિ કારમાંથી રોકડ રૂપિયા ૩,૧૮,૫૦૦/– મુકેલ પ્લાસ્ટીકની થેલી લઇ નાસી ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.જે.ચાવડા ચલાવે છે.

ઘાટલોડીયાઃ કેતનકુમાર રમણલાલ પટેલ (રહે. અર્જુન એવન્યુ ફાઇવ પેટલ હોટલની બાજુમાં પાવાપુરી રોડ ઘાટલોડીયા) એ તા.૧૯/૦૫/૨૦૨૬ ના રોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૪/૦૫/૨૦૨૬ બપોરના ૧/૨૦ વાગ્યાના સુમારે નારણપુરા ટેલીફોન એક્ષચેન્જ પાસે શ્રધ્ધાદિપ કોમ્પલેક્ષ દુકાન નંબર–૧૬ ખાતે આવેલ પોતાની "અંબિકા જવેલર્સ" નામની દુકાનમાં આવેલ અજાણ્યા પુરૂષ એ નજર ચુકવી જવેલર્સની ડીસ્પ્લેમાં વજન કાંટાની ઉપર મુકેલ એક લેડીઝ ગ્રાહકનુ રીંપેરીગમાં આવેલ સોનાનું કડુ કિમત રૂપિયા ૧,૫૦,૦૦૦/– ચોરી કરી લઇ નાસી ગયો હતો. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી દિનેશનાથ વિશ્વનાથ ચલાવે છે.

અપમૃત્યુઃ– **સમાચાર યાદી નં.૭૧૨/૨૦૨૬**

નિકોલઃ અતુલભાઇ સ/ઓ સાધીલાલ ગૌતમ (ઉ.વ.૨૫)(રહે, રાષ્ટ્રીય ભાષા હીન્દી સ્કુલની પાછળ, ખોખરા) તા.૧૮/૦૫/૨૦૨૬ સવારના ૧૦/૩૦ વાગ્યાના સુમારે નિકોલ ન્યુ ઇન્ડીયા કોલોની રોડ ખાતે આવેલ ફ્રીશ ગોલ્ડ ફ્લેટ ખાતે પોતાના સાથી ફીરોજખાન તથા મુન્નાભાઈ નાઓની સાથે કલરકામ કરવા માટે આવેલા હતા ત્યારે બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે "પી" બ્લોકની બિલ્ડીંગના પાછળના ભાગ ઉપર કલરકામ માટે અતુલભાઇ ગૌતમ પાંચમાં માળના ઘાબા પરથી નીચે હીંચકો લગાવીને, હીંચકામાં બેસીને કલર કામ કરવા માટે જતા હતા ત્યારે ઘાબા પરથી ફીરોજખાને હિચકો પકડી રાખ્યો હતો અને થોડા સમય પછી અતુલભાઇ ગૌતમએ હિચકા ઉપરથી બેલેન્સ ગુમાવી દેતા નીચે ભોંયતળીયે પડી જતા શરીરે ગંભીર ઇજાઓ થતા સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પિટલ ખાતે લાવતા સારવાર દરમ્યાન સાંજના ૬/૦૦ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.ઓ.તિવારી ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૭૧૩/૨૦૨૬**

ગાયકવાડ હવેલીઃ નાઝીયા અસલમ કેરૂવાલા(છીપા) (ઉ.વ.૩૬)(રહે. સૈયદવાડા, આસ્ટોડીયા દરવાજા, રાણી સીપ્રીની મસ્જીદ સામે આસ્ટોડીયા) એ અગમ્ય કારણસર તા.૧૮/૦૫/૨૦૨૬ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ગાયકવાડ હવેલી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.બી.ચૌહાણ ચલાવે છે.

રખિયાલઃ ફેનિલ ધર્મેન્દ્રભાઇ વાઘેલા (ઉ.વ.૧૮)(રહે. સંત વિનોબાભાવે નગર સુખરામનગર રખિયાલ) એ અગમ્ય કારણસર તા.૧૯/૦૫/૨૦૨૬ બપોરના ૩/૪૫ વાગ્યા પહેલા સુમારે પોતાના ઘરે પંખા સાથે રૂમાલ બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રખિયાલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી અમૃતભાઇ મોહનભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી